# 17th Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

July 24, 2020

# ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી તંત્રની 17મી મીટિંગ

જુલાઇ 24, 2020

1. ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી તંત્ર (ડબલ્યૂએમસીસી) ની 17મી મીટિંગ 24 જુલાઇ 2020 નાં રોજ યોજાઇ હતા. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ચીનનાં પ્રતિનિધિમંડળની આગેવાની ટીનનાં વિદેશ મંત્રાલયનાં સીમા અને સમુદ્રી વિભાગનાં મહા નિર્દેશક દ્વારા કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં રહેલી પરિસ્થિતિ અને પશ્ચિમ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ચાલું તણાવ ઘટાડવાની પ્રક્રિયાની સમીક્ષા કરી હતી. તેઓ સંમત થયા હતા કે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર સૈનિકો ઝડપથી અને સંપૂર્ણ રીતે દૂર કરવા અને દ્વિપક્ષીય કરાર અને પ્રોટોકોલનાં અનુપાલનમાં ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં તણાવ ઘટાડવો અને શાંતિ અને સુલેહ સંપૂર્ણ રીતે પુનઃસ્થાપિત કરવા દ્વિપક્ષીય સંબંધોનાં સુગમ એકંદર વિકાસ માટે અતિ મહત્વપૂર્ણ છે. બન્ને પક્ષોએ નોંધ લીધી હતી કે તે 5 જુલાઇ 2020 નાં રોજ બે વિશેષ પ્રતિનિધિઓ (એસઆર) વચ્ચે તેઓની ટેલીફોન પરની વાતચીત પર થયેલી સંમતિ મુજબ હતું. આ બાબતમાં તેઓ સંમત થયા હતા કે આજની તારીખ સુધીમાં વરિષ્ઠ કમાંડરો વચ્ચે તેઓની સભાઓમાં થયેલી સમજૂતિઓને નિષ્ઠાપૂર્વક અમલમાં મૂકવી બન્ને પક્ષો માટે આવશ્યક છે. બન્ને પક્ષો સંમત થયા હતા કે વરિષ્ઠ કમાંડરોની બીજી સભા જલ્દીથી યોજવામાં આવી શકે છે જેથી ઝડપથી સૈન્ય દૂર કરવાનું અને તણાવ ઘટાડવાનું અને સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ પુનઃસ્થાપિત કરવાનું સુનિશ્ચિત કરવા પર કાર્ય કરી શકાય.

3. બન્ને પક્ષો ડબલ્યૂએમસીસીની સભાઓ સહિત રાજદ્વારી અને સૈન્ય સ્તર પર તેઓનાં ચાલું જોડાણો જાળવી રાખવા પર પણ સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જુલાઇ 24, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.